ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૮૧ ટકા

ગાંધીનગર તાપમાન

સિવિલના કેબલમાં આગ લાગતા ફાયરમેને આગ બુઝાવી

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં બપોરના સમયે અચાનક કેબલમાં આગ લાગી હતી. જેની જાણ તાત્કાલીક ફાયરના કર્મચારીઓને કરતા તેઓ સ્થળ પર દોડી પહોંચીને એસ્ટીંગ્યુઝરનો ઉપયોગ કરીને આગની ઘટના પર તાત્કાલીક અસરથી કાબુ મેળવી લીધો હતો. પરંતુ કયા કારણોસર કેબલમાં આગ લાગી તે તપાસનો વિષય છે.

તાઉ-તે વાવાઝોડા અન્વયે ગાંધીનગરથી હેમ રેડીયોની ટીમ એક્શન મોડમાં

ગાંધીનગર, તા.૧૭

એક તરફ સમગ્ર રાજ્ય કોરોના મહામારીની બીજી લહેર સામે લડત આપી રહ્યું છે અને બીજી તરફ મ્યુકોરમાઈકોસીસ પણ માથું ઉંચકી રહ્યો છે. આ સ્થિતિમાં રાજ્ય પર ટાઉ-તે વાવાઝોડાનો ખતરો આવી ચડ્યો છે જેને અનુલક્ષીને સમગ્ર તંત્ર સાબદું કરી દેવામાં આવ્યું છે. ટાઉ-તે વાવાઝોડા અન્વયે ગાંધીનગરથી હેમ રેડીયોની ટીમ કાર્યરત કરવામાં આવી છે જે સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રૂમ ખાતે હેમ રેડીયો સ્ટેશન સંભાળશે. આ ઉપરાંત એક ટીમ ભાવનગર તથા રાજકોટથી એક ટીમ પોરબંદર ખાતે હેમ રેડીયો સેટ સાથે મોકલવામાં આવી છે.

ગાંધીનગર ખાતે સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રૂમથી ટાઉ-તે વાવાઝોડા અન્વયે જે હેમ રેડિયોની ટીમ એક્શન મોડમાં કાર્યરત કરવામાં આવી છે તે પોરબંદર ખાતે કાર્યરત બન્ને ટીમો પાસેથી વાવાઝોડાને લગતી માહીતી પ્રાપ્ત કરી સ્થાનિક એજન્સીઓને આપશે તથા સ્ટેટ ઓથોરીટી દ્વારા આપવામાં આવતી સુચના તથા માહીતી સ્થાનિક ઓથોરીટીને આપશે. આ ઉપરાંત અન્ય પડોશી રાજ્યોના હેમ મેમ્બર્સના સંપર્કમાં રહી વાવાઝોડાની માહીતી મેળવશે. ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ અમેચ્યોર રેડીયો સંસ્થા દ્વારા અન્ય જરૂરયાત જણાશે તો બીજી પાંચ ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવેલ છે જે અંગે રાજ્ય સરકારના સંપર્કમાં રહી સંસ્થાના જનરલ સેક્રેટરી ડો.જગદીશ પંડયા તથા પ્રવીણ વલેરા સમગ્ર આયોજન સંભાળી રહ્યાં છે.

જન્મદિને વધામણી

મીનાબેન પટેલ

નેહા જે શાહ
મો. ૯૯૨૫૮ ૪૭૭૯૬
૯૨૨૮૮૮૨૩૪૮

ગણપતભાઈ નારણભાઈ પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮

પ્રજાપતિ કનુભાઈ બી.
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ

શિવાંશી મયુરસિંહ વાઘેલા

'ટાઉ તે' વાવાઝોડું રાજ્ય પર ત્રાટકવાની તૈયારીમાં છે, જો કે ખમીરવંતા ગુજરાતીઓ આફતને અવસરમાં બદલવામાં માહેર છે તેથી ગુજરાતીઓનો જોમ જુસ્સો જળવાઈ રહે તેવા આશય સાથે રંગોળી કલાકાર દિવ્યેશ વોરાએ રંગોળી તૈયાર કરીને સંદેશ આપવા પ્રયાસ કર્યો છે કે 'ગુજરાત : નિર્ભયો, નિશ્ચલો ભવઃ'

વરસાદી માહોલની તક ઝડપી ૨૫ વૃક્ષો વાવતું ગાંધીનગર વોલિયન્ટર્સ ગ્રુપ

કોરોના કાળમાં 'તમારી અંદરની પોઝિટીવિટી વધારો' તેવી સલાહો ચારે કોરથી અઢળક મળી હશે પરંતુ સાચા અર્થમાં પોઝિટીવિટી કોને કહેવાય તે શહેરના યુવાનો પ્રદર્શિત કરી રહ્યા છે. કોરોના મહામારીના કપરા સમયમાં રાજ્ય પર આવી પડેલી 'તાઉ તે' વાવાઝોડાની આફતને અવસરમાં પલટવાનો અભિગમ દાખવતા 'ગાંધીનગર વોલિયન્ટર્સ' ગ્રુપના યુવાનોએ બે ત્રણ દિવસ સર્જાનારા વરસાદી માહોલનો ફાયદો ઉઠાવી ૨૫ વૃક્ષોના છોડનું વાવેતર કરી દીધું હતું. માત્ર વાતો કરવાને બદલે કર્મને જ અપનાવતા આ યુવાનોની સુઝબુઝ ખરેખર પ્રસંશનીય છે.

ગુજરાત ઈન-સર્વિસ તબીબોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને ગુજરાત ઈન સર્વિસ ડોક્ટર એસોસિએશને પોતાના પડતર પ્રશ્નો અંગે આવેદન પત્ર આપ્યું હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મનુભાઈ સોલંકી, નાયબ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. નાયક, નાયબ આરએમઓ ડૉ. કલ્પેશ પરીખ અને ડૉ. અનિલ ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત ઈન-સર્વિસ ડૉક્ટર્સ એસોસિએશન દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં ઈન સર્વિસ તબીબોને સાતમા પગાર પંચ મુજબ તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૬ થી એનપીએ આપવાનું અને એનપીએને પગાર ગણવા સાથે તમામ લાભો આપવા, કેન્દ્રના ધોરણે તબીબી અધિકારીઓને છઠ્ઠા પગાર પંચમાં એન્ટ્રી-પે પીબી-૩, ગ્રેડ પે-૫૪૦૦ અને સાતમા પગાર પંચમાં મેટ્રીક્સ લેવલ-૧૦ મુજબ આપવા માંગ કરાઈ છે. આ સાથે અન્ય પડતર પ્રશ્નો સંદર્ભે પણ સત્વરે પગલાં લેવા આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન સમર કેમ્પ કલામૃતમ-૨૦૨૧ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા કોરોનાના સમયમાં વિદ્યાર્થીઓને આનંદ અને ઉત્સાહ આપતી પ્રવૃત્તિઓનો સમર કેમ્પ એટલે કે કલામૃતમ ૨૦૨૧ પાંચ દિવસ માટે યોજાશે

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ અને કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિની પ્રેરણાથી યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા આગામી તા. ૨૧-૫-૨૦૨૧થી તા. ૨૫-૫-૨૦૨૧ એમ કુલ પાંચ દિવસ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન સમરકેમ્પ કલામૃતમ ૨૦૨૧નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ સમર કેમ્પ ઓનલાઈન ઝુમ પ્લેટફોર્મ અને ફેસબુક લાઈવ દ્વારા યોજવામાં આવશે. જેમાં કોઈ પણ ઉંમરના બાળકો ભાગ લઈ શકે છે. આ સમર કેમ્પમાં પાંચ દિવસમાં અલગ અલગ વિષય ઉપર નિષ્ણાતો બાળકોને પ્રવૃત્તિ કરાવશે. જેમાં પ્રથમ દિવસે ગીત સંગીત, બીજા દવસે રમકડાં સર્જન, ત્રીજા દિવસે ચિત્રકામ, ચોથા દિવસે રમતગમત અને પાંચમા દિવસે હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ વિષયોના નિષ્ણાતો પોતાની કલાનો લાભ આપશે. આ સમર કેમ્પ દ્વારા વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી કલાની અભિવ્યકિત કરી શકશે તેમજ રજીસ્ટ્રેશન કરીને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર મેળવી શકશે. ગુજરાતની શાળાઓના વધુમાં વધુ વિદ્યાર્થી આ સમર કેમ્પમાં જોડાઈ પોતાની સર્જનાત્મકતાને જાણે, માણે અને અભિવ્યકત કરે તેવું ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલપતિ હર્ષદભાઈ શાહે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

છત્રાલ કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો : ૪ ઝડપાયા

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર જિલ્લાના સાંતેજ જીઆઈડીસી વિસ્તારમાંથી કેબલ ચોરીની ઘટના છ થી સાત દિવસ અગાઉ બની હતી. આ કેબલ ચોરીનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી દીધો છે. આ ગુનામાં પોલીસે ૪ શખ્સોની પકડી પાડી તેમની પાસેથી કેબલ વાયરના ટુકડા અને કોપર વાયર કિ.રૂ. ૩,૩૯,૯૨૦ અને પીકઅપ બોલેરો ડાલુ કિં.૩ લાખ અને રૂ.૨૫૦૦ ના બે મોબાઈલ ફોન મળી કુલ કિં.રૂ.૬,૪૨,૪૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છત્રાલ જીઆઈડીસીમાં સ્થિત ચંદ્રેશ કેબલ લિમિટેડ નામની કંપનીમાંથી કબેલ વાયરોની ચોરીની ઘટના બની હતી. જયારે જીઆઈડીસી વિસ્તારમાં છાશવારે કેબલ ચોરીના બનાવો બને છે. જેથી એલસીબી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે આ ગુનો આચરનાર ભરત ઉર્ફે લાલો લક્ષ્મણભાઈ રાઠોડ અને પીન્ટુ ઉર્ફે માલિક ભુપતભાઈ પરમાર કડી ખાતે ભંગારનો વેપાર કરે છે. તે ઉપરાંત વ્યકિતઓ રાખી જીઆઈડીસી વિસ્તારમાં કેબલ ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે. જેથી કડી-પિયજ માર્ગ પર વોચ ગોઠવી પીકઅપ ડાલા સાથે પીન્ટુ ઉફે માલિક રોનક પરમાર (મેલડી કૃપા સોસાયટી કડી), રોનક અશોકભાઈ પરમાર (રહે કડી), અને અનિલ કાંતીભાઈ દંતાણી (રહે, ભિલોડા) અને વિષ્ણુ ખેંગારભાઈ દંતાણી(રહે હારીજ પાટણ)ને પકડી પાડવામાં આવ્યા છે. ત્યારે પોલીસે ડાલાની તપાસ કરતા તેમાંથી સફેદ મીણીયાની થેલીઓમાં તપાસ કરતા કેબલ વાયરો અને નાના ટુકડા તેના, કોપરના વાયરો મળી આવ્યા હતા. કોપરના વાયરો કેબલ વાયરો મળી કુલ રૂ. ૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. જયારે પોલીસે ઉંડાણ પૂર્વક તપાસ કરતા પીન્ટુ ઉર્ફે માલિક અને ભરત ઉર્ફે લાલો ભંગારનો વેપાર કડી ખાતે કરે છે. તેઓએ સાત દિવસ અગાઉ ભરત ઉર્ફે લાલો લક્ષ્મણભાઈ રાઠોડના કહેવાથી પીન્ટુ ઉર્ફે શીવો દંતાણી, અરુણ દંતાણી, અને ભરત દંતાણી છેલ્લા ૨૦ દિવસમાં ત્રણ વાર કેબલ ચોરીની ઘટના બની હતી.આરોપીઓએ દોઢ માસ અગાઉ ફેસ-૪ માંથી બેટરીઓની ચોરી કરી હોવાનું જણાવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હમણાં વેકિસન બંધ છે... ટીકૈત પતી ગયા પછી જેટલા ટકે... તેને આપીશું...!!

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાવળ કનુભાઈ મેલાભાઈ, ઉ.વ. ૪૧, અલુવા
- સ્વ. વણકર કાંતિભાઈ વશરામભાઈ, ઉ.વ. ૭૬, ઝુંડાલ
- સ્વ. ઠાકોર માલજીજી મંગાજી, ઉ.વ. ૪૫, બોરૂ, માણસા
- સ્વ. પ્રિયદર્શી ધનજીભાઈ રેવાભાઈ, ઉ.વ. ૬૮, સેકટર-૩
- સ્વ. ચૌધરી નીકુલકુમાર દશરથભાઈ, ઉ.વ. ૨૬, લીમ્બોદરા, માણસા
- સ્વ. ગોહેલ મહેન્દ્ર ધનજીભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૨૧
- સ્વ. જોષી કોકીલાબેન નવીનચંદ્ર, ઉ.વ. ૭૫, હિંમતનગર
- સ્વ. ડાભી ભાવુજી બબાજી, ઉ.વ. ૮૦, ડાંગરવા, કડી
- સ્વ. પરમાર કુંવરબેન મનાભાઈ, ઉ.વ. ૬૩, ઉમરી, મહેસાણા
- સ્વ. અરૂણસિંહ બંસીવરસિંહ, ઉ.વ. ૫૫
- સ્વ. બબલુપ્રસાદ ઉમાશંકરપ્રસાદ, ઉ.વ. ૩૫, નાના ચિલોડા
- સ્વ. ચાવડા જસુબેન સતુજી, સેકટર-૨૭
- સ્વ. રાઠોડ જયદિપસિંહ રજતસિંહ, ઉ.વ. ૩૭, સેકટર-૧૪
- સ્વ. ઝાલા ભૂપેન્દ્રસિંહ કલ્યાણસિંહ, ઉ.વ. ૫૯, બાબરા, દહેગામ
- સ્વ. શાહ નરેન્દ્રકુમાર મુળજીભાઈ, ઉ.વ. ૭૯, સેકટર-૩
- સ્વ. મકવાણા પ્રવિણભાઈ નાથુભાઈ, ઉ.વ. ૫૧, સેકટર-૩
- સ્વ. ઠાકોર દિપસિંહ ઉદેસિંહ, ઉ.વ. ૪૭, મિરજાપુર
- સ્વ. દંતાણી ગોવિંદભાઈ શંકરભાઈ, ઉ.વ. ૫૧, સે-૨૮, આદીવાડા
- સ્વ. વાઘેલા શંકરભાઈ કચરાભાઈ, ઉ.વ. ૬૦, બોરીજ
- સ્વ. મુન્ધરા મંજુદેવી, ઉ.વ. ૫૨, ભીલવારા, રાજસ્થાન
- સ્વ. પટેલ વિજયકુમાર પુનમભાઈ, ઉ.વ. ૬૩, બોદાલ, બોરસદ

વાવોઝોડાનો આરટીપીસીઆર નેગેટીવ હશે તો જ તેને ગુજરાતમાં પ્રવેશ મળશે...!!

સોશિયલ મિડીયા પર 'તાઉ-તે' વાવાઝોડાની સ્થિતિમાં નેટીઝન્સે અઢળક ચબરાકિયાંની મોજ માણી...!!

ગાંધીનગર, તા.૧૭

પરિસ્થિતિ કોઈ પણ પ્રકારની સર્જાઈ હોય, સુખદ હોય કે ચિંતાજનક, ગૌરવપ્રદ હોય કે નાલેશીભરી, કુદરતી હોય કે રાજકીય દરેક સ્થિતિમાં સોશિયલ મિડીયા પર નેટીઝન્સ તેને સંલગ્ન ચબરાકિયાં ફરતાં કરવાનું ચુકતા નથી. હજુ કોરોનાની બીજી લહેરના કારણે સર્જાયેલી સ્થિતિ પર અવનવા જોકસ વાઈરલ થઈ રહ્યા હતા હવે આ ચબરાકિયાંની દિશા વાવાઝોડા તરફ ફંટાઈ છે. ટાઉ-તે વાવાઝોડાને અનુલક્ષીને દિવસભર નેટીઝન્સે જે ભરપુર મજા માણી હતી અને ગંભીર પરિસ્થિતિમાં નાગરિકોને થોડી હળવાશનો અનુભવ કરાવ્યો હતો તે પૈકી કેટલાંક ચબરાકિયાં અત્રે પ્રસ્તુત છે.

● આજે જેને પણ માટીની સુગંધ આવી તે તમામ નેગેટીવ... બાકીનાએ આરટીપીસીઆર કરાવી લેવો.

● પાછા માસ્ક ખોલી ખોલીને માટીની સુગંધ લેવા નીકળી ના પડતાં.. આપણે કોરોના સામે લડવાનું છે, વાવાઝોડા સામે નહીં...!!

● વાવાઝોડું તો હજુ ગુજરાતની બહાર છે, હજી તો એ ગુજરાતની બોર્ડર પર આવશે ત્યાં તેનો આરટીપીસીઆર રિપોર્ટ કરાશે અને તે નેગેટીવ હશે અને તંદુરસ્ત હશે તોજ ગુજરાતની અંદર પ્રવેશવા દેવામાં આવશે.

● બે દિવસ પહેલા કોઈકે મને લીન્ક મોકલી જેમાં વાવોઝોડું કઈ દિશામાં છે તે જાણવા કિલક કરવાનું હતું... મેં કર્યું તો ઘરમાં જ ફરતું હતું...!!

● હમકો સમાચાર મિલા હૈ કી, ગુજરાત કી ઔર એક વાવાઝોડા આવી રહ્યાં હૈ, ઉસકો યહાં ઘુસને નહીં દેના હૈ, એસા મોટા મોટા ઓર્ડર હમકો ઉપરસે મિલા હૈ... મતલબ કી વાવાઝોડા કો કાંઠે પે હી પાડી દેને કા હે.

- રૂપાકાકા

● સાવધાન...ગુજરાતમાં અગાઉ આવેલા વાવાઝોડા સોમનાથ આવતા તો મહાદેવને મળીને, પોરબંદર આવતા તો સુદામાને મળીને, દ્વારકા આવતાં તો કાળિયા ઠાકરને મળીને પાછા વળી ગયા હતા... પણ આ વખતે દિવ થઈને આવે છે... સાચવજો હોં...

● ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી... અત્યંત જરૂરી હોય તેવી ચીજવસ્તુઓ હાથવગી રાખવી જેવી કે... દાળવડાનું ખીરું, ચણાનો લોટ, તેલ, મરચાં, મેથી, ડુંગળી, બટાકા વગેરે...

● સવારની બબાલ... તૌકતે તો ઉસ તરફસે આવેનાલા હૈ તો તુમ ઈસ તરફ કયું બારબાર તાક તે હો?

● દરેક ન્યુઝ ચેનલવાળા પોતપોતાની રીતે વાવાઝોડાની દિશા બદલે છે, હવે તો વાવાઝોડું પણ મુંઝાયું હશે કે 'મારે કયા રસ્તે જવાનું હતું?'

● જે નાગરિકો અત્યાર સુધી 'કોરોના વિશેષજ્ઞ' હતા, એ હવે આગામી એક-બે દિવસ સુધી 'હવામાન શાસ્ત્રી' તરીકે સંપૂર્ણ નિષ્ઠાથી ફરજ બજાવશે.

● તા. ૧૭-૧૮ મે સૌરાષ્ટ્રમાં ધોતિયા અન લુંગી પહેરવા પર પ્રતિબંધ છે.

● બાપુ : આટલા પવનમાં ધાબે કાં બેઠો? રઘલો : કાલે એક ટી શર્ટ ઉડીને આવ્યું હતું, આજે કદાચ પેન્ટ આવી જાય...!

● સરકારનો નવો આદેશ... કાલે સવારે બધાએ દરિયાબાજુ મોઢું રાખીને જોરથી ફૂંક મારવાની છે.. જેમ થાળી વગાડવાથી કોરોના ડરી ગયો તો એમ વાવાઝોડું પણ હટી જશે.. ફૂંકશે ગુજરાત, તો બચશે ગુજરાત.

● દમણમાં ભારે પવન સાથે વરસાદ શરૂ બોટલો ઉડીને ગુજરાત તરફ આવી શકે છે, શોખીનોમાં ખુશીનો માહોલ...!!

● આપણાં ગ્રુપના જે સભ્યોને તૌક તે વાવાઝોડું આવવાનું છે, તો સરકારે જે કાંઈ પગલાં લીધા છે તેમાં સુધારો કરવાનો હોય તો તાત્કાલિક જણાવે જેથી વાવાઝોડું આવીને જાય પછી એવું ના થાય કે સરકારે આ પગલાં ના લીધા માટે આટલું જાનમાલનું નુકસાન થયું. આમાં સરકારની બેજવાબદારીથી આવી દશા થઈ, તો આપણા ગૃપના દેશ ચલાવી શકે તેવા રાજકારના વિધ્વાન મિત્રો પોતાના મંતવ્યો તાત્કાલિક આપશો.

ખૂણેખાંચરેથી

● તૌક-તે વાવાઝોડાને લઈ આજે મનપાના કમિશ્નરે શાખાધિકારીઓની બેઠક યોજી સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ સમયસર લોકોને રાહત મળે તે જોવા તાકીદ કરી હતી.

● ગાંધીનગર મનપાના આરોગ્ય અધિકારીએ શહેરના તબીબી અધિકારીઓને આરોગ્યની સેવાઓ માટે એલર્ટ રહેવા માટે ગૂગલ એપથી બેઠક યોજી અને જરૂરી સૂચનાઓ આપી હતી.

● તૌક-તે વાવાઝોડાને લઈ પંચાયત દ્વારા ચારેય તાલુકામાં અને જિલ્લા પંચાયત ખાતે કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે.

● જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પણ જિલ્લાકક્ષાએ અને ચારેય તાલુકામાં કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે અને આજે બપોરે પણ હળવો વરસાદ નોંધાયો હતો.

● સ્ટેટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે આજે સતત બીજે દિવસે ઉચ્ચસ્તરીય બેઠકોનો દોર ચાલ્યો હતો.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૭ જેટલા મૃતકોના અંતિમ સંસ્કાર કોવિડ ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવ્યા હતા.

● કોરોનાની મહામારીમાં ૩૦ જેટલા દાદા-દાદીને ટિફિન સેવા પુરી પાડવા માટે રાહેલબા વૃદ્ધાશ્રમને એક દાતાએ રૂ. એક લાખનું દાન આપ્યુ છે.